## કારોબારીનો સારાંશ
## (એક્ઝીક્યૂટીવ સમરી)

ઇંગ્લેન્ડની નેશનલ ઇન્સ્ટીટ્યૂટ ફોર મેન્ટલ હેલ્થ (NIMHE) દ્વારા આ રીસર્ચ પ્રોજેક્ટને આર્થિક ભંડોળ આપવામાં આવેલ છે. તેનું સંચાલન અને સહાય ધ સેન્ટર ઓફ એથનિકસીટી એન્ડ હેલ્થ યુનિવર્સિટી ઓફ સેન્ટ્રલ લેંકેશાયર દ્વારા કરવામાં આવે છે.

આ યોજનાનો વિષય માનસિક આરોગાયની દેખરેખમાં જાતિય સમાનતા આપવા માટેની એક કડી છે. જેનો હેતુ મેન્ટલ હેલ્થ કેર એકશન પ્લાન દ્વારા નીચેના મુદ્દાઓ મેન્ટલ હેલ્થ સર્વિસનો ઉપયોગ કરનારા બ્લેક અને એથનિક માયનોરિટી લોકો માટે પ્રાપ્ત કરવાનો છે.

- સરખી પહોંચ
- સરખો અનુભવ
- સરખું પરિણામ

આ પ્રોગ્રામ અનુસારના ફેરફારો ત્રણ વિભાગોમાં જોવા મળશેઃ

- **વધુ યોગ્ય અને અનુકૂળ સેવાઓ** - દ્વારા ઓર્ગેનાઇઝેશન અને વર્ક ફોર્સને વિકાસમાં સફળતા મળેલ છે. જેથી કલિનિકલ સર્વિસીઝ (નિદાન માટેની સેવાઓ) માં સુધારો કરવો. ખાસ ગ્રૂપો જેવાંકે વૃધ્ધો, અસાઇલમ સિકર્સ, નિર્વાસિતો અને બાળકોની સેવાઓમાં સુધારો કરાશે.
- **કોમને પ્રવૃત્ત કરવી** - આ સેવાઓ તંદુરસ્ત કમ્યૂનિટી દ્વારા આપવામાં આવે છે. તેઓ કમ્યૂનિટીને પ્રવૃત્ત રાખવા માટેના પગલાં લ્યે છે, જેને સહયોગ 500 નવા કમ્યૂનિટી ડેવલોપમેન્ટ વર્કર્સ દ્વારા આપવામાં આવે છે.
- **વધુ સારી માહિતી**- એથનિકસીટી પર વધુ સારી નજર રાખવાથી જ્ઞાનમાં સુધારો કરી શકાય તેવી અસરકારક સર્વિસથી વધુ સારી જાણકારી અને સારા મહાવરોનો ફેલાવો થયેલ છે. આમાં નવા વરસમાં મેન્ટલ હેલ્થના દર્દીઓનો સમાવેશ કરવામાં આવેલ છે.

મેન્ટલ હેલ્થ સર્વિસીઝમાં પાંચ વરસની (DRE ) ડિલીવરીંગ રેસ ઇક્વાલિટી સર્વિસના લક્ષણો નીચે જણાવ્યા અનુસાર 2010 સુધીમાં દેખાવા જોઇએઃ

- BMEબ્લેક અને એથનિક માયનોરિટી કમ્યૂનિટીઝ અને સર્વિસનો ઉપયોગ કરનારાઓમાં મેન્ટલ હેલ્થ સર્વિસીઝનો ડર ઓછો દેખાશે.
- સર્વિસીઝમાં સંતોષ વધશે.
- BME કમ્યૂનિટીઝમાંથી સાયકાટ્રિક પેશન્ટ યૂનિટમાં મોકલવામાં આવતા દર્દીઓને દાખલ કરવાના દરમાં ઘટાડો થશે.
- ઇન પેશન્ટ યૂનિટમાં BME સર્વિસનો ઉપયોગ કરનારાઓમાં ફરજીયાત અટકાવેલા દર્દીઓને અપ્રમાણિક દરનો ઘટાડો થશે.
- માનસિક આરોગ્યની આપવામાં આવતી અપૂરતી સારવારને લીધે થતાં હિંસાત્મક બનાવો ઘટશે.
- BME ગ્રૂપોમાં એકાંતનો ઉપયોગ કરવામાં ઘટાડો થશે.
- શારિરીક દખલગીરી બાદ મેન્ટલ હેલ્થ સર્વિસીઝમાં થતાં મૃત્યુ ને બચાવી શકાશે.
- બ્લેક અને એથનિક માયનોરિટી (BME)વધુ સર્વિસનો ઉપયોગ કરનારાઓ જાતે તબિયતમાં થયેલો સુધારો વિશે રિપોર્ટ કરી શકે તેવા થશે.
- એથનિક લોકો જે જેલમાં રહે છે તેમાં અસમાનતા જોવામાં આવી છે તેનો ઘટાડો થશે.
- જુદી જુદી અસરકારક થેરાપિ - જેવીકે પિઅર સપોર્ટ સર્વિસ, સાયકોથેરાપ્યૂટિક અને કાઉન્સૈલીંગ સારવાર સાથે ફાર્માકોલોજીકલ (ઇન્ટરવેન્શન) હસ્તક્ષેપ જે સંસ્કૃત્તિને લગતો બરોબર અને અસરકારક હોય.
- બ્લેક એન્ડ એથનિક માયનોરિટી (BME) કમ્યૂનિટી અને BME સર્વિસનો ઉપયોગ કરનારા મેન્ટલ હેલ્થની પોલિસીનો વિકાસ, પ્લાનિંગ અને સર્વિસ માટેની જોગવાઇ કરવા માટેની તાલીમમાં નિષ્ણાતો વધુ સક્રીય ભાગ લેશે.

<u>હેતુ અને લક્ષ્યો</u>

કમ્યૂનિટી એન્ગેજમેન્ટ પ્રોજેકટની સ્થાપ્ના કમ્યૂનિટીને પ્રવૃત્ત રાખવા માટે કરવામાં આવી છે, મેન્ટલ હેલ્થ સર્વિસીઝ સુધી પહોંચવા સુધી લોકો અને તેમના પરિવારમાં  કાળજી રાખતા કેરરને કેવો અનુભવ થયો છે તેની ચોક્કસાઇ કરીને તેને સર્વિસીઝ આપવામાં આવે.

૧. અમને ખાસ કરીને એ જાણવામાં રસ છે કે એશિયન વૃધ્ધ લોકો અને તેના પરિવારના કેરરને એકલા  અને અલગ રહેવાથી કેવી અસર કરે છે.
૨. આપણે શોધવું  અને ગોઠવવું પડશે કે કેવા પ્રકારની સર્વિસ તેમને મળી શકે અને શું તેમને કોઇ મદદ મળી હતી .
૩. ભવિષ્યમાં તમને કેવા પ્રકારના સુધારા જોઇએ છે તેના વિશેના તમારા સૂચનો અમને મોકલશો જેથી અમે (ફીડબેક) પ્રતિસાદ ન્યૂહેમના કમિશ્નરો અને સેવાઓ આપનારાને આપી શકીએ.

અમારો હેતુ પ્રશ્નોત્તરીમાંથી માહિતી ભેગી કરવાનો છે જેથી  સ્પષ્ટ ચિત્ર જોઇ શકાય :
- હાલમાં કેવી સર્વિસીઝ આપવામાં આવે છે.
- સર્વિસીઝ સુધી પહોંચવામાં હાલમાં કયાં અંતર અને અવરોધ રહેલ છે .
- સર્વિસને વધુ સારી બનાવવા માટે વર્તમાન અવરોધોને કેવી રીતે દૂર કરી શકાય.

અમારા કામનું  મુખ્ય કેન્દ્ર આ જરૂરિયાતો છે :

a) એશિયન એલ્ડર્સ - જેઓ 55 વરસથી વધુ ઉંમરના છે અને કમ્યૂનિટીમાં રહે છે.

b) એશિઅન ફેમિલી કેરર્સ - જુદી જુદી ઉંમરના - કમ્યૂનિટીમાં રહેતા લોકો

આ (પ્રોજેક્ટ) યોજનામાં  સ્થાનિક ગ્રૂપોને ઓળખવા અને કામે લગાડવા જેઓ મેન્ટલ હેલ્થ સર્વિસીઝમાં પ્રતિનિધિત્વ કરે છે. આ પ્રોજેક્ટનો મુખ્ય હેતુ :

- **આ વ્યક્તિઓનો સમાજમાં સમાવેશ કરવાની સુવિધા આપવી**
- **સોશિયલ કેપિટલ પ્રોજેકટનો વિકાસ કરવા માટે ન્યૂહેમની કમ્યૂનિટીઓ અને સર્વિસ આપનારાઓને ભાગ લેવા માટે પ્રોત્સાહન આપવું**

UCLAN સપોર્ટ વર્કર અને સ્ટીઅરિંગ કમિટિ  દ્વારા મદદ આપવામાં આવેલ છે.  અમારી રીસર્ચ ટીમની અઠવાડિયે મિટીંગ થાય છે.  તેમાં વ્યક્તિગત અને ટીમ સપોર્ટ અને સુપરવિઝન સબકો ટ્રસ્ટ દ્વારા કરવામાં આવે છે.

કેટલાંક જવાબ આપનારા જાણીતા છે અને તેઓના નામ સબકો ના ડેટાબેઝ પર રાખેલા છે અને તેનો સંપર્ક કાગળ કે પત્રિકા દ્વારા અને અંગત કરવામાં આવ્યો  હતો.  અમે બીજી સંસ્થાઓનો પણ સંપર્ક કર્યો હતો .દાખલા તરીકે : કેથરીન રોડ કમ્યૂનિટી સેન્ટર, LHR ની આસરા હાઉઝિંગ એસોસિએશન અને ન્યૂહેમ કેરર્સ નેટવર્કને ભાગ લેવા માટે આમંત્રણ આપ્યું હતું.  જેની પાસે જવાબ આપવાની સંભાવના રહેલી છે તેવા લોકોને આ પ્રોજેક્ટમાં ભાગ લેવા માટે આમંત્રિત કરવામાં આવ્યા હતા અને તેમને પસંદ કરવા માટેએક વ્યકિત સાથે એકનો (વન ટુ વન)ઇન્ટરવ્યૂહ અથવા  ફોકસ ગ્રૂપ આપવામાં આવ્યા હતા.

પ્રોજેક્ટને શરૂ કરતાં પહેલાં તેનાથી પરિચિત કરાવવા અને ચર્ચામાં ભાગ લેવા માટે 5 સેશનો ગોઠવવામાં આવ્યા હતાં અને તેમાં ''મેન્ટલ હેલ્થ એન્ડ મેન્ટલ વેલબિઇંગ'' (માનસિક આરોગ્ય અને માનસિક કલ્યાણ)વિષયને લગતાં મુદ્દાઓ વિશે ચર્ચાઓ કરવામાં આવી હતી. આ જાહેરમાં ભાગ લઇ શકાય તેવો ખાસ મહત્ત્વનો વિષય છે  જેમાં ખાસ કરીને એશિયન કમ્યૂનિટીના વૃધ્ધો અને તેના પરિવારના કેરરોમાં મેન્ટલ હેલ્થ વિશેનો ખ્યાલ અને સમજણ વિશે તપાસ કરવી. આ સેશનો કમ્યૂનિટીની ભાષાઓમાં રાખવામાં આવ્યા હતા.

કમ્યૂનિટી એન્ગેજમેન્ટ રિસર્ચ પ્રોજેકટના સબકો સાથેના આ સેશનોમાં લોકોને આગળ આવવા અને તેમાં ભાગ લેવા માટે પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું.

જો અમે આ ખાસ કામ લીધું ન હોત તો, ભાગ લેનારાની સંખ્યા ખૂબ ઓછી હોત. ભાગ લેનારાઓનેપત્ર, વ્યક્તિગત અને ફોન દ્વારા  આમંત્રણ આપવામાં આવ્યું હતું.  દરેક વ્યક્તિને પસંદ કરી શકે તે માટે 8 સેશનો રાખવામાં આવ્યા હતા જેમાં તેઓને ગમે તેમાં હાજરી આપી શકે  તે ધ્યાનમાં રાખીને ભાષા અને સંસ્કૃત્તિને પસંદગી આપવામાં આવી હતી, દાખલા તરીકેઃ

- ખાસ ભાષા
- લિંગ
- ફકત વૃધ્ધ સ્ત્રી અને પુરૂષ
- ફકત વૃધ્ધ સ્ત્રી / ફકત વૃધ્ધ પુરૂષ
- મિશ્ર (સ્ત્રી અને પુરૂષ) એશિયન વૃધ્ધો
- ખાસ કરીને પરિવારના પુરૂષ કેરર
- ખાસ કરીને પરિવારના સ્ત્રી કેરર
- મિશ્ર (સ્ત્રી અને પુરૂષ) પરિવારના કેરરો

ભાગ લેનારાઓ એ પણ પસંદ કરી શકે છે કે તેમનો કેવી રીતે ઇન્ટરવ્યૂહ લેવામાં આવે વન ટુ વન ઇન્ટરવ્યૂહ અથવા ફોકસ ગ્રૂપના ભાગ તરીકે લેવામાં આવે.  દરેક સત્ર માટે સમય આપવામાં આવેલો છે :

- એક વ્યકિત એ એક વ્યક્તિને સવાલો પૂછવા
- ફોકસ ગ્રૂપો
- પૂરક થેરાપિ
- ચા-નાસ્તો
- મુસાફરી  કરવામાં કોઇની મદદ
- અંગત કાળજી રાખવામાં કોઇની મદદ

સંશોધન કરવા માટે વાપરવામાં આવતા સાધનો જેનો  ઉપયોગ કરેલ છે તેમાં ઇન્ટરવ્યૂહ દરમ્યાન પૂછવામાં આવેલા સવાલો અને ફોકસ ગ્રૂપનો સમાવેશ કરેલ છે.

50 એશિયન વૃધ્ધોનો ઇન્ટરવ્યૂહ લેવામાં આવ્યો હતો જેના જવાબોની નોંધ પ્રશ્નોત્તરી સાથે કરવામાં આવેલ છે.

**ફોકસ ગ્રૂપો**

ચાર જુદા જુદા ફોકસ ગ્રૂપો યોજવામાં આવ્યા હતાં લોકો પસંદ કરી શકે તે માટે ગ્રૂપોની યોજના આ રીતે કરવામાં આવી હતીઃ

- ફક્ત સ્ત્રીઓ માટે એશિયન ફેમિલી કેરર વુમન ગ્રૂપ
- ફક્ત પુરૂષો માટે એશિયન ફેમિલી કેરર મેન ગ્રૂપ
- ફક્ત પુરૂષો માટે એશિયન એલ્ડર્સ
- ફક્ત સ્ત્રીઓ માટે એશિયન એલ્ડર્સ
- ફેસિલિટેટર અને કો-ફેસિલિટેટર દરેક ગ્રૂપના કાર્યોનું સંચાલન કરતાં હતા, તે ઉપરાંત સ્વયંસેવકો હાથમાં હતા જે વધારાની મદદ પરસ્પર ચર્ચા અને અંગત કાળજીમાં જ્યાં જરૂર અને યોગ્ય લાગે ત્યાં આપતા હતા.

---

**<u>પરિણામ અને ચર્ચા-વિચારણા</u>**

કમ્યૂનિટી એનગેજમેન્ટ રિસર્ચ પ્રોગ્રામનું પરિણામ નીચે આપ્યું છે.

- ન્યૂહેમમાં મેન્ટલ હેલ્થ સર્વિસીઝ વિશેની જાણકારી ઓછી છે
- મેન્ટલ હેલ્થ(માનસિક આરોગ્ય) વિશે સમજાવવામાં મુશ્કેલી લાગે છે
- તેઓને મેન્ટલ હેલ્થને લગતા મુદ્દાઓનો ઉકેલ કેવી રીતે લાવવો તેની ખબર નથી.
- તેઓને ખબર નથી કે મેન્ટલ હેલ્થની મદદ અને સલાહ વગેરે લેવા માટે ક્યાં જવું.

- મેન્ટલ હેલ્થને ‘‘કલંક’’ તરીકે જોવામાં આવતો હતો.
- મેન્ટલ હેલ્થને ચેપી રોગ માનવામાં આવતો હતો.
- પહેલાં જ્યારે મેન્ટલ હેલ્થની ખબર પડતાં લોકો પરિવારમાં રહીને પહોંચી વળતા અને મેન્ટલ હેલ્થ વિશે છૂપાવવામાં આવતું.
- ઘણાને અસાધારણ વર્તન જોઇને લાગતું કે આડે રસ્તે ચડી જવાથી તે ‘‘ગાંડો’’ થયો લાગે છે.
- અલગ રહેવાથી ‘‘એકલતા’ લાગે છે જેને લીધે ‘‘માનસિક તનાવ’’(ડિપ્રેસન) થાય છે જેના પરિણામે આત્મ વિશ્વાસ ખલાસ થતો જાય છે.
- બીજી સ્કીમમાં, ઘર-બહારની બધી પ્રવૃત્તિઓ બંધ કરાવીને ‘‘ ઘરની અંદર પૂરી રાખવાથી ’’ પરિવારને શરમાવું ન પડે અથવા પરિવારના લોકો તેને બહારની દુનિયાના લોકો સાથે ભળવા ન દે.
- ભાગ લેનારાઓમાં ખૂબ થોડા વ્યક્તિઓને મેન્ટલ હેલ્થ સર્વિસીઝનો અનુભવ હતો અથવા એવા પરિવારને, મિત્રો વગેરેને તેઓ જાણતા હતા. તેમછતાં, એક ભાગ લેનારે ‘‘ગોળીઓ’’ લેવાનો અનુભવ હતો. તેને માંદગીનું કારણ ખબર ન હતું ખરેખર કોઇએ તેને સમજાવ્યું ન હતું પરંતુ તેને કહ્યું હતું કે,‘‘જો તેઓ ગોળી ખાય છે તો, તેમને સારૂ લાગે છે ’’

સર્વિસીઝમાં કેવા સુધારા કરી શકાશે તે વિશેની ચર્ચા કરવામાં આવી હતી અને સહેલાઇથી સર્વિસીઝ સુધી કેવી રીતે પહોંચી શકાય, ઘણાંએ જવાબ આપ્યો કેઃ-

- કર્મચારીઓ જે બીજી ભાષા બોલી શકે છે તે ખૂબ ઉપયોગી થાય છે, એવા લોકો જેને આ ક્ષેત્રમાં કામ કરવાનો અનુભવ હોય પરંતુ જેની પહેલી ભાષા અંગ્રેજી નથી અને તેને લીધે તેમની સમજમાં ગોટાળો થઇ શકે તેને પરિણામે તેઓ ભાષાંતર કરવામાં ભૂલ કરી શકે.

- બીજો વિષય માહિતીની લગતો છે- લોકો સામાન્ય રીતે જ્યાં જતાં હોય તેવી જગ્યાઓમાં આ માહિતી વધુ પ્રમાણમાં મળી શકે તે રીતે રાખવી જોઇએ. જેમકેઃ- મંદિર, સ્પોર્ટ ગ્રૂપો, જીપી પ્રેક્ટીસીસ, હેલ્થ સેન્ટરો અને કમ્યૂનિટી સેન્ટરો વગેરે. તેમછતાં, જે લોકો ગ્રૂપ ચલાવે છે તેમના માટે કઇ સર્વિસીઝ ઉપલબ્ધ છે તેની જાણકારી રાખવાનું આવશ્યક છે જેથી કોઇ તેમનો સંપર્ક કરવા આવે ત્યારે તેને માહિતી આપી શકે.

- મેન્ટલ હેલ્થ સર્વિસીઝ વિશે એ મુદ્દાપર પણ ચર્ચા કરવામાં આવી હતી કે આ મહત્ત્વની સર્વિસ માટે આઉટરીચ વર્ક કમ્યૂનિટી સેન્ટરો અને ધાર્મિક જગ્યાઓ પર ઉપલબ્ધ સર્વિસીઝ અને કેવા પ્રકારની મદદ મળી શકે તેનો પરિચય કરાવવાનો છે અને લોકોને કેવી રીતે યોગ્ય સર્વિસીઝનો હવાલો આપવાનો છે.

- એશિયન કમ્યૂનિટીને મેન્ટર હેલ્થ વિશે જાતે ચર્ચા કરવાની મહત્ત્વની સુવિધા આપે છે જેને નકારી શકાય તેમ નથી આ જાહેરાતનો હેતુ લોકોને સાધન સંપત્તિ આપવાનો છે જેથી લોકો એશિયન લોકોમાં આ કલંકનો નિવેડો લાવી શકે અને આ મુખ્ય કામ ને હાથમાં લેવાની જરૂર છે.

વર્તમાન વાતચીતના વિષય છે લોકોને ઓછા જુદા રાખવા અને તેમનામાં ઉદાસીનતા ઓછી કરવી તેના માટે વ્યક્તિગત અને ગ્રૂપ લેવલે જગાડવામાં આવેલી શ્રધ્ધા મહત્ત્વનું પાત્ર ભજવેલ છે.

ભવિષ્યમાં જે કામ કરવાની જરૂર છે તેના વિશે ઉત્સાહપૂર્વક ચર્ચા પ્રોજેક્ટના કોર્સ દરમ્યાન કરવામાં આવી હતી. અમે શીખવા માટે ઉંડાણમાં ઉતર્યા હતા અને તેજ સમયે અમે હાલની સારી પ્રેકટિસને એવી મજબૂત બનાવી કે,‘‘ જે કમ્યૂનિટીને પહોંચવાનું મુશ્કેલ હતું ’’ ત્યાં સુધી અમે પહોંચીને વાતચીત કરી.

અમને કેટલીક ચર્ચા ખૂબજ રસપ્રદ લાગી જે અમને કમ્યૂનિટીના એશિયન વૃધ્ધ લોકો અને તેમના કેરરો તરફ લઇ જતી હતી તેની જરૂરિયાતો ઓળખાતી હતી અને હોસ્પિટલ વોર્ડ, રેઝિડેન્ટશિયલ અને નર્સિંગ હોમ્સ સાથે આ કામો જરૂરી કરવાના છે :

૧. કેસ વર્ક
૨. મૈત્રી ભાવ
૩. સલાહ આપતી સેવા (એડવો કેસી)

આ કામ કરવાની સાથે અમે શોધીશું  કે એશિયન વૃધ્ધો અને કેરર સાથે કામ કરતાં કાર્યકરો સાથે અમે કેવી રીતે કામ કરી શકીએ જેમકેઃ

- સ્ટાફની સંસ્થા માટે માહિતી ભેગી કરવી
- ઉપલબ્ધ સાધનો ઓળખવા
- પ્રવૃત્તિઓ
- વોલન્ટરી અને ફેથ ઓર્ગેનાઇઝેશન સાથે આઉટરીચ અને ડેવલોપમેન્ટ વર્ક

ઉપર જણાવેલા મુદ્દાઓ પર આગળ તપાસ કરવા માટે, સબકો હાલમાં સંશોધન કરી રહેલ છે અને જુદી જુદી જગ્યાઓથી આવતું ફંડને ભેગુ કરી રહેલ છે જેથી ચેરિટેબલ ટ્રસ્ટ અને કાનૂની ફંડ આપનાર સુધી પહોંચી શકાય.

**ભલામણ**

કમ્યૂનિટીને પ્રવૃત્ત રાખવા માટે રિસર્ચ પ્રોજેક્ટ્માં  કેટલાંક મુદ્દાઓ પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. જેના સંબોધનથી સમાન સેવાઓ અને એશિયન એલ્ડર્સ સરળતાથી પહોંચી શકે તેવી સર્વિસ આપવી . જે ઉપરોક્ત પરિબળોને  બંધબેસતા વિષયો જેવાંકેઃ

- વધુ અને જવાબદારીવાળી સેવાઓ
- કમ્યૂનિટીને પ્રવૃત્ત રાખવી
- વધુ સારી માહિતી આપવી

સર્વિસ કમિશનર અને સર્વિસ આપનારને અમારી ભલામણ છે કે તેઓએ નીચે જણાવેલા પગલાં લેવાઃ

1. ન્યૂહેમમાં મળતી જુદી જુદી મેન્ટલ હેલ્થ સર્વિસીઝ વિશેની અજ્ઞાનતાનો સામનો કરવો.
2. આઉટરીચ પ્રોગ્રામનો એવો વિકાસ કરવો જે કમ્યૂનિટી સુધી પહોંચી શકે અને મેન્ટલ હેલ્થ (માનસિક આરોગ્ય) અને તેની કમ્યૂનિટીમાં થતી અસરો પર ચર્ચા વિચારણા કરવાની સુવિધા આપી શકે.
3. લોકલ કમ્યૂનિટી ગ્રૂપો, વોલન્ટરી સંસ્થા અને ફેથ ગ્રૂપો (પૂજા કરવા માટેની જગ્યા) સાથે ભાગિદારીમાં મેન્ટલ હેલ્થ માટે પ્રકાશિત કરવામાં આવેલા મુદાઓ વિશે પ્રોગ્રામનો વિકાસ કરવો.
4. જુદી જુદી એશિયન ભાષા અને બોલી બોલતાં લોકોને  આગળનો ભાગ ભજવવા અને એડવોકેસી માટે રાખવા.
5. વૃધ્ધ લોકો માટે કામ કરનારા કમ્યૂનિટી ડેવલોપમેન્ટ વર્કરો માટે લોબી કરવી.
6. ઇસ્ટ લંડન એનએચએસ ફાઉંડેશન ટ્રસ્ટ અને બીજા મેન્ટલ હેલ્થ આપનારા જેવાંકે એડલ્ટ સર્વિસીઝ, ધ ન્યૂહેમ પ્રાયમરી કેર ટ્રસ્ટ વગેરે કમ્યૂનિટીમાં અને સંસ્થાઓમાં એશિયન એલ્ડર્સનો હવાલો મોકલ્યો હતો તેમાં તેની જરૂરિયાતોને પહોંચી વળવામાં આવી છે અને તેના લિંગ(જાતિ),ખોરાક ભાષા, બોલી રૂચિ અને ધર્મ વગેરે પર ધ્યાન આપવામાં આવેલ છે તેનું નિરીક્ષણ કરવું અને હાલમાં આપવામાં આવતી સર્વિસનો વિકાસ કરવો.
7. યુનિવર્સલ સર્વિસીઝ સુધીની પહોંચ અને એશિઅન એલ્ડર્સ અને તેના પરિવારના કેરર્સનો સમાજમાં સમાવેશ કરવામાં આવે તેની ચોક્કસાઇ કરવી.
8. એશિયન  કમ્યૂનિટીમાં મેન્ટલ હેલ્થ વિશેની જાણકારીનો વિકાસ કરવો .
9. એશિયન એલ્ડર્સ  જેને મેન્ટલ હેલ્થને લગતી સમસ્યા છે તેનામાં એકલતા અને અલગ રહેવાનું   ઓછું કરવા માટે સપોર્ટ ગ્રૂપોનો વિકાસ કરવો.
10. ઉપર જણાવવામાં આવેલી જરૂરિયાતો કેટલી અમલમાં આવી છે તેની પ્રગતિ પર નજર નાખવી અને તેનો રિપોર્ટ યોગ્ય બોર્ડને મોકલવો.  દાખલા તરીકે ઇસ્ટ લંડન એનએચએસ ફાઉન્ડેશન ટ્રસ્ટ,ન્યૂહેમ પીસીટી , ઓલ્ડર પીપલ્સ પાર્ટનરશીપ બોર્ડ, ઓવરવ્યૂ એન્ડ સ્ક્રૂટની બોર્ડ વગેરે.
11. એક ઇમ્પ્લીમેન્ટેસન ગ્રૂપની સ્થાપ્ના કરવી જેઓ ઓળખવામાં આવેલા મુદ્દાઓ પર લેવામાં આવેલ પગલાંનો કેવો વિકાસ થાય છે તેના પર નજર (મોનિટર) રાખશે.